For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરતમાં દિવાળીના પ્રથમ વીકમાં ઉદ્યોગો બંધ

ક્રિસમસની ખરીદીથી તેજીને કારણે હીરા ઉદ્યોગમાં દિવાળી વેકેશન માત્ર 15 દિવસનું

આંગડિયા પેઢીઓ 6 નવેમ્બરથી 10 દિવસનું વેકેશન પાળશે

ટેક્સટાઈલ ઉદ્યોગ 8મી નવે.થી લાભ પાંચમ સુધી બંધ રહેશે

સુરતઃ છેલ્લાં લગભગ બે વર્ષથી મંદી, ધંધાકીય અનિશ્ચિતતા અને વૈશ્વિક સ્તરે નબળી માગનો સામનો કરી રહેલા સુરતના વિશ્વવિખ્યાત હીરા ઉદ્યોગમાં આખરે તેજીના મજબૂત સંકેતો જોવા મળી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં સુધરેલી પરિસ્થિતિ અને આગામી ક્રિસમસ સીઝનને ધ્યાનમાં રાખીને વિદેશમાંથી મળેલા મોટા પાયાના એડવાન્સ ઓર્ડરને પગલે હીરા ઉદ્યોગમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સકારાત્મક માહોલ વચ્ચે કારીગરો અને ઉદ્યોગકારો માટે આ વર્ષનું પરંપરાગત દિવાળી વેકેશન નોંધપાત્ર રીતે ટૂંકું રહેવાની શક્યતા છે. મોટાભાગના કારખાનેદારો 5 નવેમ્બર એટલે કે ધનતેરસના આગલા દિવસ સુધી એકમો પૂરજોશમાં ચાલુ રાખવાની તૈયારી કરી રહ્યા છે. ગત બે-ત્રણ વર્ષ દરમિયાન જોવા મળેલી નાણાકીય કટોકટી અને મંદીના કારણે દિવાળી પર હીરાનાં કારખાનાંઓમાં લગભગ એક મહિના સુધી કામકાજ ઠપ રહેતું હતું. જોકે, આ વર્ષે બજારની સ્થિતિ સાનુકૂળ બનતાં વેકેશનનો ગાળો ઘટીને માત્ર 15 દિવસ જેટલો રહેવાનો અંદાજ છે. બીજી તરફ, ડીટીસી (DTC) સહિતની વૈશ્વિક રફ ડાયમંડ સપ્લાયર કંપનીઓના સાઈટ હોલ્ડર્સ આ વર્ષે 21 દિવસનું વેકેશન પાળશે. સુરતના સૌથી મોટા હીરા અને ટેક્સટાઈલમાં વેકેશન જાહેર થવાને કારણે દિવાળી પછીનું પ્રથમ સપ્તાહ ઔદ્યોગિક પ્રવૃત્તિ પર બ્રેક લાગી જશે.

લેબગ્રોન ડાયમંડ ઉદ્યોગ માટે સંજીવની બન્યો

ખાડી યુદ્ધ બાદ નેચરલ ડાયમંડ ઉદ્યોગ પડી ભાંગ્યા પછી લેબગ્રોન ડાયમંડના વધેલા કારોબારે સમગ્ર ઉદ્યોગને મોટો ટેકો આપ્યો છે. તેના કારણે કારખાનેદારો અને આંગડિયા પેઢીના હજારો કર્મચારીઓ મુશ્કેલ સમયમાં પણ ટકી શક્યા છે. હાલ લેબગ્રોન ડાયમંડ સેક્ટરમાં ચાલી રહેલી તેજીને લીધે હીરાના કારખાનાઓમાં 6થી 16 નવેમ્બર સુધીનું ટૂંકું દિવાળી વેકેશન રહેશે. ડિસેમ્બરમાં ક્રિસમસ તહેવારની ખરીદીની સમયમર્યાદા સાચવવા માટે મેન્યુફેક્ચરિંગ અને પોલિશિંગ યુનિટ્સમાં હાલ કામકાજ જોરશોરથી ચાલી રહ્યું છે. સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ જગદીશભાઈ ખૂંટના જણાવ્યા મુજબ, પાછલાં બે વર્ષની સરખામણીએ હાલ બજારની સ્થિતિ ઘણી સારી છે અને દિવાળી પહેલાં ઓર્ડરની સ્થિતિ સંતોષકારક હોવાથી વેકેશન બાદ પણ કારખાનાં વહેલાં શરૂ થવાની પૂરી આશા છે.

હીરા ઉદ્યોગની સાથે સાથે જ આંગડિયા પેઢીઓમાં પણ 6થી 16 સુધી વેકેશન

હીરા ઉદ્યોગની સાથે સાથે સુરતમાં આંગડિયા પેઢીઓમાં પણ સરખું જ વેકેશન એટલે કે તા.6ઠ્ઠી નવેમ્બરથી શરૂ કરીને 16મી નવેમ્બર સુધી જાહેર કરવામાં આવ્યું છે.

ટેક્સટાઈલ માર્કેટ લાભ પાંચમથી ધમધમશે

હીરાની સાથોસાથ સુરતના બીજા મુખ્ય આર્થિક આધારસ્તંભ એવા ટેક્સટાઈલ માર્કેટમાં પણ ઝડપથી કામ શરૂ કરવાની તૈયારી છે. ફોસ્ટા (FOSTTA)ના સેક્રેટરી દિનેશ કટારિયાના જણાવ્યા અનુસાર, આગામી લગ્નસરા અને ક્રિસમસની માંગને ધ્યાનમાં રાખીને ટેક્સટાઈલ માર્કેટનું દિવાળી વેકેશન માત્ર 8 નવેમ્બરથી 13 નવેમ્બર સુધી જ રહેશે. 14મી નવેમ્બર એટલે કે લાભપાંચમના શુભ દિવસથી માર્કેટો પુનઃ ધમધમતી થઈ જશે. વિતેલા સમયમાં વ્યાપાર ઓછો રહ્યો હોવાથી, આગામી સીઝનનો વેપાર ઝડપથી કવર કરી નુકસાની ભરપાઈ કરવા વેપારીઓ આતુર છે. આમ, ક્રિસમસના વિદેશી ઓર્ડરો અને દેશમાં લગ્નસરાની સિઝનને પગલે સુરતના બંને પ્રમુખ ઉદ્યોગોમાં લાંબા સમય બાદ મંદીના વાદળો હટીને ચમક પાછી ફરી છે.

આ છે સુરત સ્માર્ટ સિટી,,,! કચરાગાડી જ કચરો ફેંકે છે

સુરતમાં એક તરફ મોટાભાગના વિસ્તારોમાં ભારે ગંદકી જોવા મળે છે અને બીજી તરફ ખુદ મનપાની કચરાગાડીઓ જ જ્યાંથી પસાર થાય ત્યાં કચરો ફેંકતી જાય છે. મનપા યોગ્ય રીતે સફાઈ કરી શકતી નથી પણ કમસેકમ કચરાગાડીમાંથી પડતો કચરો તો અટકાવી જ શકે છે. માત્ર કાગળ પર સ્વચ્છ શહેર બતાવી દેવાથી શહેર સ્વચ્છ થઈ જતું નથી. લોકોને ખરેખર સુરત સ્વચ્છ હોવાનો અનુભવ થાય ત્યારે જ સુરત સ્વચ્છ શહેર ગણાશે. (તસવીરઃ સતીષ જાદવ)

લોન-ક્રેડિટ કાર્ડના હપ્તાના ટેન્શનમાં પરિવારનો માળો વિંખાઈ ગયો

પિતાનું પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન, બચાવવા દોડેલો પુત્ર પણ દાઝ્યો

લિંબાયતમાં કાળજું કંપાવતી ઘટના, કાપડ ઉદ્યોગની મંદીથી સંજય ટિળકે અંતિમ પગલું ભર્યું

પિતાને સળગતા જોઈને પુત્ર દોડ્યો અને બંને હાથે પોતે પણ દાઝી ગયો

સુરતઃ સુરતના લિંબાયત વિસ્તારમાં વહેલી સવારે સર્જાયેલા એક કાળજું કંપાવી દેતા કરુણ બનાવમાં પિતાના અગ્નિદાહ અને પુત્રની લાચારીએ લોકોને સ્તબ્ધ કરી દીધા છે. આર્થિક સંકડામણ અને લોન-ક્રેડિટ કાર્ડના નાણાંની ઉઘરાણીના ફોનથી ભાંગી પડેલા

...અનુસંધાન પાના 9 પર

પિતાની ચીસો સાંભળીને 15 વર્ષનો પુત્ર જાગીને પિતાને બચાવવા દોડી ગયો

પિતાની વેદનાભરી ચીસો સાંભળી ઘરની અંદર સૂતેલો 15 વર્ષીય પુત્ર દિવ્યેશ સફાળો જાગીને બહાર દોડ્યો હતો. નજર સામે પોતાના પિતાને લબકારા મારતી આગમાં સળગતા જોઈ માસૂમ પુત્ર પોતાની પરવા કર્યા વગર ખુલ્લા હાથે પિતાને લપેટાયેલી આગ ઓલવવા તૂટી પડ્યો હતો. આ દર્દનાક પ્રયાસમાં દિવ્યેશના બંને હાથ ગંભીર રીતે દાઝી ગયા હતા, પરંતુ પિતાના દેહને ભરખી રહેલી આગ સામે તેની લાચાર કોશિશ ટૂંકી પડી હતી. બૂમાબૂમ સાંભળી આસપાસના

...અનુસંધાન પાના 9 પર

ઉઘરાણીના ફોનથી ગૂંગળાતા પિતાની વ્યથા: કમાણી બંધ અને દેવાનો પહાડ

સંજયભાઈ છેલ્લા પંદરેક દિવસથી કામ પર જઈ શકતા નહોતા. કાપડ માર્કેટમાં કામ ન મળતાં ઘરખર્ચ ચલાવવો પણ મુશ્કેલ બની ગયો હતો. થોડા સમય પહેલાં તેમણે લોન પર મોપેડ લીધું હતું. ત્યારબાદ લોનના હપ્તા અને ક્રેડિટ કાર્ડના નાણાંની ઉઘરાણી માટે અલગ-અલગ નંબર પરથી સતત આવતા ફોન કોલ્સે તેમનું

...અનુસંધાન પાના 9 પર

મેયરશ્રી, પ્રજાને પણ ગુણવત્તાયુક્ત સુવિધાઓ જોઈએ છે તે યાદ રાખજો

ભજિયા 'ગુણવત્તાવાળા' પણ ગોપીપુરા-સોનીફળિયામાં પીવાનું પાણી 'ગટરવાળું!'

સત્તાધીશોને ગુણવત્તા જોઈએ છે અને પ્રજાના નસીબમાં ગટરનું પાણી લખાયેલું છે : સ્થાનિકોનો આક્રોશ

સુરતઃ શહેરમાં અડાજણ અને રાંદેર બાદ હવે સુરતના ઐતિહાસિક કોટ વિસ્તારમાં પણ દૂષિત પાણીની ગંભીર કટોકટી સર્જાઈ છે. ગોપીપુરા, સોનીફળિયા અને અંબાજી રોડ સહિતના વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી નળમાંથી શુદ્ધ જળને બદલે અત્યંત બદબો મારતું કાળું અને ગટરમિશ્રિત પાણી આવી રહ્યું છે. સુરત મહાનગરપાલિકાએ જાણે કરદાતા પ્રજાના રસોડા સુધી ગટરનું ગંદુ પાણી પહોંચાડવાનું શરૂ કર્યું હોય તેવી સ્થિતિ સર્જાતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે.

મનપા તંત્રની ઘોર લાપરવાહી સામે રોષે ભરાયેલા સ્થાનિકોએ સત્તાધીશોની આકરી ઝાટકણી કાઢતા તીખો કટાક્ષ કર્યો છે કે, "શાસકો અને પદાધિકારીઓને પોતાના માટે

...અનુસંધાન પાના 9 પર

તહેવારો ટાણે રોગચાળાની ભીતિ: કાયમી ઉકેલની ઉગ્ર માંગ

તહેવારોના દિવસોમાં જ દૂષિત પાણીના કારણે ઘરોમાં નાના બાળકો અને વડીલોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. કાગળ પર ચાલતા વિકાસના પોકળ દાવાઓ વચ્ચે સ્થાનિકોની ઉગ્ર માંગ છે કે, તંત્ર તાત્કાલિક ધોરણે સ્થળ તપાસ હાથ ધરે, પીવાના પાણી અને ગટરની લાઈનોમાં થયેલા ભંગાણનું મરામત કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરે અને વર્ષો જૂની આ લિકેજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવે. જો તંત્ર દ્વારા તાકીદે શુદ્ધ પાણી પૂરું પાડવામાં નહીં આવે તો સ્થાનિકો દ્વારા આંદોલનનો માર્ગ અપનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

'રાષ્ટ્રીય એકતા દિવસ'ને પૂર્વ ડે.મેયર નરેન્દ્ર પાટીલે ભાજપનો કાર્યક્રમ ગણાવી દીધો

મનપાના ભંડોળથી યોજાતા કાર્યક્રમને ભાજપના પ્રચારનું સાધન બનાવનાર નરેન્દ્ર પાટીલ પાસેથી કાર્યક્રમનો ખર્ચ વસૂલવો જોઈએ તેવી માંગ

સુરતઃ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે 31 ઓક્ટોબરે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ વોર્ડમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' અંતર્ગત ભવ્ય અને સત્તાવાર સરકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ આ જાહેર ઉત્સવ વચ્ચે લિંબાયતના વોર્ડ નં.26માં ભાજપના જ પૂર્વ ડેપ્યુટી મેયર અને કોર્પોરેટર ડો.નરેન્દ્ર પાટીલે સોશિયલ મીડિયા પર પત્રિકા પોસ્ટ કરી આયોજન તરીકે ભારતીય જનતા પાર્ટી લખાતાં વિવાદ થયો છે.

સુરત મહાનગરપાલિકાનો આ સત્તાવાર સરકારી કાર્યક્રમ હોવા છતાં ડો.નરેન્દ્ર પાટીલ દ્વારા પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આયોજક તરીકે 'ભારતીય જનતા પાર્ટી'નો ઉલ્લેખ કરીને આમંત્રણ પત્રિકાઓ અને બેનર્સ વાયરલ કરવામાં આવ્યા હતા. મનપાના ટેક્સના પૈસાથી થતી સરકારી ઉજવણીને જાણે કોઈ પક્ષ વિશેષની માલિકીની હોય તેમ સોશિયલ મીડિયામાં પ્રમોટ કરાતા વિવાદ સર્જાયો છે.

લેન્ડિંગ માટે વિમાન નીચે આવ્યું અને ફરી ઊડતાં મુસાફરોના જીવ અદ્ધર

સુરત એરપોર્ટ પર બેંગ્લુરુથી આવી રહેલી ફ્લાઇટમાં પ્રથમ લેન્ડિંગ પ્રયાસ દરમિયાન ગો-અરાઉન્ડ

વિમાને માત્ર 75 ફૂટ બેરોમેટ્રિક ઊંચાઈએથી ફરી ઉડાન ભરી અને બાદમાં લેન્ડિંગ કરતાં મુસાફરોને રાહત થઈ

સુરતઃ બેંગલુરુથી સુરત આવી રહેલી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ 6E-465માં આજે સુરત એરપોર્ટ પર ઉતરાણના પ્રથમ પ્રયાસ દરમિયાન ગો-અરાઉન્ડની ઘટના બની હોવાની માહિતી સામે આવી છે. વિમાન સુરત એરપોર્ટ પર લેન્ડિંગ માટે નીચે આવી રહ્યું હતું ત્યારે તે રનવે પર ઉતરવાને બદલે અચાનક ફરી ઊંચાઈ તરફ આગળ વધ્યું હતું. આ ઘટનાને પગલે વિમાનમાં સવાર મુસાફરોના શ્વાસ અદ્ધર થયા હતાં.

ફ્લાઈટ ટ્રેકિંગ પ્લેટફોર્મ ફ્લાઈટ રડાર 24 મુજબ વિમાન સ્ક્રીનશોટમાં બેરોમેટ્રિક અલ્ટિટ્યુડ 75 ફૂટ અને ગ્રાઉન્ડ સ્પીડ 296 કિમી પ્રતિ કલાક નોંધાયેલી જોવા મળી હતી. વિમાન લેન્ડિંગના ટચ ડાઉં એરિયાની ખૂબ નજીક પહોંચ્યા બાદ પાયલટે લેન્ડિંગનો પ્રયાસ પડતો મૂકીને ફરી ઊંચાઈ મેળવવાનો નિર્ણય લીધો હતો. ઉડ્ડયનની ભાષામાં આ પ્રક્રિયાને 'ગો-અરાઉન્ડ' કહેવામાં આવે છે. વિમાન રનવે પર ઉતરવાની અંતિમ પ્રક્રિયામાં હોય અને કોઈ કારણસર સુરક્ષિત રીતે લેન્ડિંગ શક્ય ન જણાય તો પાયલટ વિમાનને ફરી હવામાં ઉપર લઈ જાય છે. ત્યારબાદ એર ટ્રાફિક કંટ્રોલના માર્ગદર્શન હેઠળ વિમાન ફરી એકવાર લેન્ડિંગ માટે ચક્કર લગાવીને રનવે તરફ આવે છે. આ પ્રક્રિયા હવાઈ સુરક્ષાનો એક પ્રમાણભૂત ભાગ છે. રનવેની

...અનુસંધાન પાના 9 પર

દીકરાની ચિતા ઠરી ન હતી ત્યાં જ સોશિયલ મીડિયામાં ધમકીનો ખેલ!

અકાળે ગુમાવેલા દીકરાના બેસણાના દિવસે જ ફેક આઈડી પરથી લખાયું 'એકને વધુ ઉઠાવી લો, બાકીના હજુ બાકી છે'

પિતાની આંખોમાં આંસુ અને પરિવારમાં ફફડાટ, સાઈબર ક્રાઈમમાં ફરિયાદ

સુરતઃ એક તરફ અકસ્માતમાં યુવાન દીકરાને ગુમાવ્યાનું અસહ્ય દુઃખ અને બીજી તરફ તેના મોત બાદ સોશિયલ મીડિયા પર શરૂ થયેલી ધમકીભરી પોસ્ટ્સ! નાના વરાછાના એક હીરા વેપારી પરિવાર માટે દીકરાનું મોત જિંદગીનો સૌથી મોટો આઘાત બન્યું હતું, ત્યાં અજાણ્યા શખ્સે ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી મૃતક દીકરાને લઈને બદનક્ષીભર્યું લખાણ અને તેના મિત્રોના ગ્રુપને એક પછી

...અનુસંધાન પાના 9 પર

બેસણાંની પોસ્ટને જ ધમકીભર્યા લખાણ સાથે શેર કરી

17 ઓક્ટોબરે દીપના બેસણાના દિવસે પણ આ જ આઈડી પરથી બેસણાની પોસ્ટની નકલ કરી 'એકને વધુ ઉઠાવી લો, બાકીના હજુ બાકી છે' અને 'સાવધાન રહેજો' જેવા ધમકીભર્યા શબ્દો લખવામાં આવ્યા હતા. દીપના મિત્ર ઉર્વીશને પણ આ આઈડી પરથી મેસેજ મોકલી ગ્રુપના અન્ય સભ્યોને નિશાન બનાવવાની ધમકી અપાઈ હતી. મૃતક દીકરાની છબી ખરડવાનો પ્રયાસ અને પરિવારજનોને હેરાન કરવાની આ હરકતથી પિતા વ્યથિત થયા હતા.

દીકરાની હત્યા થઈ હોવાની આશંકા: મહેશ વાઘાણી

ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે, તેમના પુત્ર દીપનો વેસ્મા નજીક થયેલો અકસ્માત શંકાસ્પદ છે. અકસ્માત સમયે દીપ સાથે હાજર રહેલા મિત્રો સાથે તેની માત્ર ત્રણ મહિના પહેલાં જ મિત્રતા થઈ હતી અને તેઓને પરિવાર બરાબર ઓળખતું પણ નહોતું. બીજી તરફ, વેસ્મા પોલીસે કોઈના દબાણ હેઠળ સમગ્ર મામલાને અકસ્માત તરીકે ખપાવી દીધો

...અનુસંધાન પાના 9 પર

મૃતકના મિત્ર ઉર્વીશને પણ મોકલ્યા ધમકીભર્યા મેસેજ

ફેક આઈડીનો ઉપયોગ કરનાર શખ્સે માત્ર દીપને જ નહીં, પરંતુ તેના મિત્ર ઉર્વીશને પણ નિશાન બનાવ્યો હતો. ઇન્સ્ટાગ્રામ પર મેસેજ મોકલી તેના ગ્રુપના સભ્યો એક પછી એક મોતને ભેટશે અને હવે કોનો વારો છે તેવા શબ્દોમાં ધમકી આપવામાં આવી હતી. 'તમારા ગ્રૂપમાંથી એક પછી એક લોકો મરવા લાગ્યા છે' અને 'તમારા ઓર્ડર મુજબ જે આવશે તે સ્વીકારવા તૈયાર છું' જેવા લખાણથી મિત્રોમાં પણ ભય ફેલાયો હતો. આ સમગ્ર ઘટનામાં ફેક આઈડી પાછળ કોણ છે, દીપના મોત સાથે તેને શું સંબંધ છે અને ધમકી આપવાનો હેતુ શું છે, તે તપાસનો વિષય બન્યો છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

દિવાળીના દિવસોમાં જ દક્ષિણ ગુજરાતમાં માવઠાની શક્યતા

સુરતમાં મહત્તમ તાપમાન 0.7 ડિગ્રી ઘટ્યું, વહેલી સવારે ઠંડકનો અહેસાસ વધ્યો

સુરતઃ સુરત શહેરમાં ધીમે ધીમે ઋતુ પરિવર્તનનો અહેસાસ થવા લાગ્યો છે. વહેલી સવારે વાતાવરણમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે, જ્યારે દિવસ દરમિયાન હજુ પણ ગરમીનો અહેસાસ યથાવત્ છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી અઠવાડિયે દક્ષિણ ગુજરાતમાં માવઠાની પણ શક્યતા વ્યક્ત કરી છે. આજે દક્ષિણ તરફનો દરિયા તરફથી આવતો પવન ફુંકાયો હતો. જેને કારણે આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ થવાની સંભાવના છે. સાથે જ માવઠાની પણ શક્યતા છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, શનિવારે મહત્તમ તાપમાનમાં 0.7 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. શુક્રવારે મહત્તમ તાપમાન 35.6 ડિગ્રી હતું, જે ઘટીને શનિવારે 34.9

...અનુસંધાન પાના 9 પર

સૌરાષ્ટ્રમાં કેટલાંક સ્થળે કરા પડ્યા, પાકને નુકસાન

અમદાવાદઃ રાજ્યમાં એક તરફ ઓક્ટોબરના અંતે પણ ગરમીનો પારો ઊંચો રહેવા સાથે ઉનાળા જેવી સ્થિતિ અનુભવાઈ રહી છે, તો બીજી તરફ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના ચોખંડા ગામમાં કરા સાથે વરસાદ પડ્યો હતો, જ્યારે કલ્યાણપુર તાલુકાના

...અનુસંધાન પાના 9 પર

આજે છ જિલ્લાઓમાં વરસાદની આગાહી

હવામાન વિભાગે આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નકારી છે, પરંતુ ત્યારબાદના ત્રણ દિવસ દરમિયાન તાપમાનમાં ક્રમશઃ ૨થી ૩ ડિ.સે.નો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે. ૧ નવેમ્બરે દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ ઉપરાંત દમણ, દાદરા અને નગર હવેલીમાં તથા સૌરાષ્ટ્રના

...અનુસંધાન પાના 9 પર

લાંચ કેસમાં સુરત મનપાના જુનિયર ઈજનેરને 3 વર્ષની કેદ

15 વર્ષ પહેલા મકાન ગેરકાયદે હોવાનું જણાવી ૨૦ હજારની લાંચ માંગનાર જુ.ઈજનેર રતિલાલ ઝવેરીને કોર્ટે ૧ લાખનો દંડ ફટકાર્યો

સુરતઃ ૧૫ વર્ષ જૂના લાંચ કેસમાં સુરત મનપાના કતારગામ ઝોનનાં જુનિયર ઈજનેર રતિલાલ જગુભાઈ ઝવેરીને એડિશનલ સેશન્સ કોર્ટે ૩ વર્ષની સખત કેદ અને ૧ લાખનો દંડ ફટકાર્યો હતો.

આ કેસની વિગત એવી હતી કે સિંગણપોર ન્યુ ત્રિવેણી સોસાયટી ખાતે હીરા દલાલ મહેશભાઈ દેવચંદભાઈ પાઘડાળનું ભોંયતળિયાનું મકાનમાં કરિયાણાની દુકાન અને પાનનો ગલ્લો બનાવ્યો હતો. સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોનના તત્કાલીન જુનિયર ઈજનેર આરોપી રતિલાલ જગુભાઈ ઝવેરીએ રિઝર્વેશનના પ્લોટમાં ગેરકાયદે બાંધકામ હોવાનું જણાવી બુલડોઝર ફેરવવાની વાત કરી લાંચ પેટે ૨૦ હજાર માંગ્યા હતા. ફરિયાદીએ ૧૧,૦૦૦ આપ્યા હતા. બાકીના ૯,૦૦૦ની ઉઘરાણી અને ધમકી આપતા ૭,૦૦૦ આપવાની વાત થઈ હતી. પરંતુ ફરિયાદીએ આ બાકીની લાંચ આપવી ન હોય એસીબીમાં ફરિયાદ કરી હતી. એસીબીએ તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ છટકું ગોઠવી આરોપીને રંગેહાથ ઝડપી

...અનુસંધાન પાના 9 પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર